ગુપ્ત


**પોલીસ કમિશનરશ્રીની કચેરી,**

**શાહીબાગ, અમદાવાદ શહેર.**

ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email: lb-cp-ahd@gujarat.gov.in


ક્રમાંક: જા/કપક/નવરાત્રી/૩૪૪/૨૦૨૨ તા.૨૨/૦૯/૨૦૨૨.

**વિષય: નવરાત્રી દરમ્યાન લાઉડસ્પીકર વગાડવાની પરમીશન આપવા તથા કાર્યક્રમ સ્થળે તકેદારી રાખવા બાબત**

નવરાત્રી મહોત્સવ દરમ્યાન શેરીઓ અને સોસાયટીઓમાં ગરબાના કાર્યક્રમો ઉજવવા માટેની લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી માંગવામાં આવે છે. ટીકીટ/પાસથી પ્રવેશ આપવામાં આવે તેવા પાર્ટી પ્લોટ/કલબો/નાટ્યગૃહોમાં યોજાનાર ગરબાના કાર્યક્રમો સિવાયના કાર્યક્રમો માટે લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી સ્થાનિક પોલીસ સ્ટેશનથી આપવાની રહેશે.

1. પાર્ટી પ્લોટ, કલબ, નાટ્યગૃહોમાં યોજાનાર તથા કોમર્શીયલ પ્રકારના ટિકીટ/પાસથી પ્રવેશ આપવામાં આવે છે તેવા તમામ ગરબાના કાર્યક્રમોના આયોજન માટેની પરવાનગી સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક (લાયસન્સ બ્રાન્ચ) ની કચેરીએથી જ આપવામાં આવશે.
2. પાર્ટી પ્લોટ, કલબ વિગેરે સ્થળોએ ટીકીટ/પાસથી પ્રવેશ આપી ગરબાના કાર્યક્રમોના આયોજન કરવા સબબની અરજી પોલીસ સ્ટેશનમાં મળે તો અરજી અન્વયે આપના મદદનીશ પોલીસ કમિશનર/નાયબ પોલીસ કમિશનરશ્રીનાઓ સાથે ચર્ચા/ પરામર્શ કરી તે મુજબ અભિપ્રાય સાથે વહેલામાં વહેલી તકે સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક(લાયસન્સ બ્રાન્ચ) ની કચેરીએ મોકલી આપવાની રહેશે.
3. ગરબાના કાર્યક્રમોના આયોજન કરવા બાબતની અરજીઓ અંગે અત્રેથી સ્થાનીક પોલીસ સ્ટેશનનો જે અભિપ્રાય માંગવામાં આવે તે તાત્કાલીક મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. અભિપ્રાય આપતા સમયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રીનાઓ સાથે ચર્ચા-પરામર્શ કરી અભિપ્રાય મોકલવો.
4. પોલીસ સ્ટેશન કે સંયુક્ત પોલીસ કમિશનરશ્રી ટ્રાફીકનાઓના સ્તરેથી લાઉડસ્પીકરની પરવાનગી આપવાની દરેક અરજી સાથે સાઉન્ડ સીસ્ટમ ભાડે આપનારની વિગત તથા જે સાઉન્ડ સિસ્ટમનો કાર્યક્રમ દરમ્યાન ઉપયોગ થનાર છે તે સાઉન્ડ સિસ્ટમનું સંપુર્ણ વર્ણન, સાઉન્ડ સિસ્ટમ સાથે રહેનાર વ્યક્તિનું નામ, સરનામુ અને ફોટો, ઓળખ કાર્ડ તેમજ સાઉન્ડના નિયમો પાલન કરવાની બાંહેધરી રજુ કરવાની રહેશે.
5. પોલીસ સ્ટેશન વિસ્તારની સ્થાનીક પરિસ્થિતિને આધીન તથા નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ની કલમ ૫(૨) જોગવાઇઓને ધ્યાનમાં રાખી પરવાનગી આપવી.
6. માઇક તથા લાઉડસ્પીકર સિવાયના અન્ય વાજીંત્રોથી પણ વધુ નોઇસ પોલ્યુશન ન થાય તેની તકેદારી રાખવી અને તેમ થતુ જણાય આવે તો આયોજક તથા વાજીંત્રોવાળા વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવી.

7. પરવાનગી મેળવ્યા વગર કે પરવાનગીમાં દર્શાવ્યા સમય પછી રાસ-ગરબા કે અન્ય કાર્યક્રમમાં માઇક, લાઉડસ્પીકર તથા અન્ય કોઇ વાંજીત્રો ચાલુ રાખવામાં આવે અને નોઇસ પોલ્યુશન (રેગ્યુલેશન અને કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ની જોગવાઇઓનો ભંગ થતો જણાઇ આવે તો કાર્યક્રમના આયોજક તથા સાઉન્ડ સીસ્ટમવાળા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવી.

8. સ્થાનીક પોલીસ સ્ટેશનથી લાઉડસ્પીકર વગાડવાની પરવાનગી આપવામાં આવે ત્યારે આ પરવાનગી પત્રની સાથે સુચનાઓનો પત્ર અરજદારને સાથે આપવાનો રહેશે.

9. દરેક ગરબાના આયોજન સ્થળે લોકોની સલામતી તેમજ ટ્રાફીકની જાળવણી માટે આયોજક તરફથી એક જવાબદાર વ્યક્તિ ફરજીયાત મુકવાના રહેશે જે વ્યક્તિનું નામ/સરનામુ તથા મોબાઈલ નંબર સહીતની વિગત પોલીસ સ્ટેશન ખાતે રાખવાની રહેશે.

10. ગરબાના આયોજકોને ગરબાના સ્થળે પુરતા સિક્યુરીટી ગાર્ડ રાખી, સિક્યુરીટી વ્યવસ્થા રાખવા જણાવવું તેમજ ગરબાના સ્થળે એન્ટી-સબોટેજ ચેકીંગ કરાવવું. તેમજ સમગ્ર ગરબા આયોજનના સ્થળને તેમજ સમગ્ર પાર્કીંગ વિસ્તારને આવરી લે તે રીતે પુરતી સંખ્યામાં CCTV કેમેરા ગોઠવવા જણાવવુ.

11. ગરબાના સ્થળે પાર્કીંગની વ્યવસ્થા વોલન્ટીયર્સ/ સિક્યુરીટી ગાર્ડ મારફતે આયોજકોએ કરવાની રહેશે. તેમજ બંન્ને સાઇડ ૨૦૦ મીટર સુધી રોડ ઉપર ટ્રાફીક જામ ન થાય અને અડચણરૂપ પાર્કિંગ ન થાય તેની જવાબદારી આયોજકોને સોંપવી.

12. ગરબાના સ્થળે ઇલેકટ્રીક શોર્ટ સર્કીટ/અકસ્માતનો ભયને ધ્યાનમાં રાખી ઇલેકટ્રીક ફીટીંગ નિયમોનુસાર કન્સીલ્ડ રાખવું તેમજ ઈલેક્ટ્રીક કામના જાણકાર electrician હાજર રખાવવા તથા ફાયર સેફ્ટીની સગવડ આયોજકોએ કરવાની રહેશે.

13. ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ એન્ટ્રી અને એકઝીટનો ગેટ અલગ-અલગ રહે તે જોવુ. તેમજ ઇમરજન્સી ગેટની વ્યવસ્થા રાખવા માટે આયોજકોને સમજ કરવી.

બિડાણ: નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોને આપવાની સુચનાનુ પત્રક.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

COMMISSIONER OF POLICE A'BAD CITY

પ્રતિ,

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ થી ૭, અમદાવાદ શહેર

(૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ થી એન ડીવીઝન અમદાવાદ શહેર

(3) પોલીસ ઇન્સ્પેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

<u>નકલ રવાના :</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, સેકટર-૨, અમદાવાદ શહેર

(૨) અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧, ક્રાઇમ, અમદાવાદ શહેર

# નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/ વ્યવસ્થાપકોને સુચના

1. ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતિ માટે (૨) મહીલા સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે તથા (૪) દારૂ પીધેલ વ્યક્તિ ગરબાના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી એક-એક જવાબદાર વ્યક્તિ ફરજીયાત નિમવાના રહેશે. અને તેઓના નામ/સરનામા તથા મોબાઈલ નંબર સહીતની વિગત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.
2. ગરબીની સ્થાપના તેમજ તેમજ રાત્રીના ગરબાના કાર્યક્રમો જાહેર જનતાને અડચણ/અવરોધરૂપ ન થાય તેવી જગ્યાએ દા.ત. કોમન પ્લોટ, જાહેર ઉપયોગી જગ્યાઓ, ખાનગી પ્લોટ વગેરે જગ્યાએ થાય તેની તકેદારી રાખવી.
3. ગરબાના સ્થળે વાહનોના પાર્કીંગની પુરતી વ્યવસ્થા અલગ ખુલ્લી જગ્યાએ કરવી અને તે સ્થળે વોલેન્ટીયર્સ/ખાનગી સિક્યુરીટી ગાર્ડ મારફતે વ્યવસ્થા જાળવવી. પાર્કીંગ રોડ ઉપર થવું જોઈએ નહીં. રોડ ઉપર પાર્કીંગ થવાથી આપેલ પરવાનગી રદ થવા પાત્ર રહેશે. જગ્યાની સામે ૨૦૦ મીટર સુધી ટ્રાફીક જામ ન થાય તે જોવું.
4. ગરબાના સ્થળની અંદર કોઈપણ વસ્તુ નહી લઈ જવા દઈ, પ્રવેશદ્વાર ખાતે ચેકીંગ કરી જવા દેવાય તેવી વ્યવસ્થા કરવી અને આયોજકોએ ફોટા સહીતનું ઓળખપત્ર ધરાવતો જાણીતો સ્ટાફ રાખવો. જેથી અનઅધિકૃત વ્યક્તિ આયોજક તરીકે પ્રવેશી ન જાય. પ્રવેશ દ્વાર ઉપર તથા ગરબા રમાતા હોય ત્યાં ક્લોઝ સર્કીટ કેમેરા (HD CCTV) મુકાવી અસામાજીક તત્વો દ્વારા અનિચ્છનીય કૃત્ય ન થાય તેની તકેદારી રાખવી.
5. ગરબાના સ્થળે આયોજકોએ પબ્લીક એડ્રેસ સીસ્ટમ દ્વારા એકઠા થયેલ લોકોને પોતાના પાકીટ, મોબાઈલ ફોન વ્યવસ્થિત સાચવવા તેમજ પોતાના વાહનો વ્યવસ્થિત પાર્ક કરવા સુચના કરતું રહેવું.
6. ગરબાનું આયોજન થતું હોય ત્યાં પ્રવેશ દ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેક્ટર/ હેન્ડ મેટલ ડીટેક્ટર તથા સિક્યુરીટી સ્ટાફ તથા બ્રેથ એનેલાઈઝર વગેરે રાખવો. અને શંકાસ્પદ વ્યક્તિની શારિરીક ચકાસણી કરવી. દેખીતી રીતે દારૂ પીધેલ જણાય તો પોલીસને જાણ કરવાની રહેશે. સલામતી વ્યવસ્થા માટે મહીલા સુરક્ષા કર્મચારી પણ રાખવા. એન્ટ્રી તથા એક્ઝીટ ગેટ મોટા રાખવા તથા અલગ-અલગ સ્થળે રાખવા. બંન્ને જગ્યાએ બેરીકેડીંગ રાખવા.
7. કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ ગરબામાં જણાય તો તાત્કાલીક સ્થાનિક પોલીસ અને પોલીસ કંન્ટ્રોલ રૂમ ફોન નં.૧૦૦ ને જાણ કરવી.

8. ગરબાના સ્થળે ઈલેક્ટ્રીક સિસ્ટમ માટે મેઈન્ટેનન્સ સ્ટાફ હાજર રાખવો અને કોર્પોરેશને કરેલ નિયમો અનુસાર જરૂરી અગ્નિશામક સાધનો રાખવા. MCB/MILLB અવશ્ય લગાવવી. વિજળીનો પ્રવાહ બંધ જઈ જાય તો મુશ્કેલી ઉભી ન થાય તે માટે જનરેટર સ્ટેન્ડ બાય રાખવું. અને અગત્યની વસ્તુઓ પ્રકાશિત રહી શકે તેવી વૈકલ્પીક લાઈટની વ્યવસ્થા ગોઠવવી.

9. ગરબાના કાર્યક્રમ માટે મોટા સ્ટેજ ઉભા કરવામાં આવે છે તેની મજબુતાઈ અંગે PWD એન્જીનીયરનું પ્રમાણપત્ર મેળવવું તેમજ સ્ટેજ ઉપર, સ્ટેજની આજુ-બાજુ તથા સ્ટેજની નીચે શંકાસ્પદ વસ્તુઓ અંગે અવાર-નવાર ચેકીંગ રાખવું. શંકાસ્પદ વસ્તું જણાય તો તાત્કાલીક સ્થાનિક પોલીસને જાણ કરવી અને તે વસ્તુથી લોકોને દુર રાખવા.

10. નવરાત્રી દરમ્યાન બનાવવામાં આવનાર સામણીયા ટ્રાફીકને અડચણરૂપ ન થાય તે રીતે રાખવાના રહેશે.

11. કાર્યક્રમ સ્થળે અથવા આજુ-બાજુ બીન વારસી વાહનો/શંકાસ્પદ વાહનો જણાઈ આવે તો પોલીસને જાણ કરવા સમજ કરવી.

12. ગરબાના કાર્યક્રમની મંજુરી આપેલ સમયમર્યાદામાં પુરો થાય તેવું જોવું.

13. નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/ વ્યવસ્થાપકોએ નવરાત્રીના રાસ-ગરબાના સ્થળે ગંદકી કે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના તમામ પગલા ભરવાની જવાબદારી રહેશે.